# આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર, ગૂજરાત વિદ્યાપીઠ,

## આશ્રમરોડ અમદાવાદ-380014

## ઈ ટેન્ડર નોટિસ 1/ 2017-18

આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ ધ્વારા રાજયમાં વસવાટ કરતા આદિવાસી અને આદિમજૂથ સમુદાયોના લોકોને તેમના પરંપરાગત વ્યવસાય અને તેમનામાં રહેલી કલા-કૌશલ્યને વધારવા માટે જુદી જુદી તાલીમ આપવાની કામગીરી કમિશ્નરશ્રી,આદિજાતિ વિકાસ ગાંધીનગર દ્વારા આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્રને સોંપવામાં આવી છે. રાજ્યમાં વસવાટ કરતા આદિજાતિ / આદિમજૂથ સમુદાયના યુવક / યુવતીઓને વિવિધ પ્રકારની તાલીમ આપવા માટે આદિવાસી ક્ષેત્રે અથવા ગ્રામીણ ક્ષેત્રે વિવિધ તાલીમનું કાર્ય કરતી સ્વૈચ્છિક સંસ્થાઓ અને એજન્સીઓ પાસેથી ઈ ટેન્ડરથી ટેકનીકલ બીડ મંગાવવામાં આવે છે.

| ક્રમ | તાલીમનો પ્રકાર | તાલીમનો સમયગાળો | જિલ્લો | વર્ગ/જૂથ/તાલીમાર્થી સંખ્યા |
|---|---|---|---|---|
| ૧ | ભરતગૂંથણ | ૪૫ દિવસ | અમદાવાદ,સુરેન્દ્રનગર | અમદાવાદ-૨૦ અને સુરેન્દ્રનગર ૨૫ |
| ૨ | નાળિયેરીના રેસામાંથી જુદીજુદી વસ્તુઓ બનાવવાની તાલીમ | ૪૫ દિવસ | અમદાવાદ,સુરેન્દ્રનગર ,વલસાડ | ૨૫ |
| ૩ | સેનેટરીપેડ | ૪૫ દિવસ | અમદાવાદ | ૨૫ |
| ૪ | ફાઈબર રેઈનફોર્સ્ડ પ્લાસ્ટિકની તાલીમ ( FRP) | ૪૫ દિવસ | સુરેન્દ્રનગર | ૨૫ |
| ૪ | કડીયાકામ | ૪૫ દિવસ | અમદાવાદ | ૩૦ |
| ૫ | વાંસકામ | ૪૫ દિવસ | તાપી, સુરત | ૨૫ |
| ૬ | વારલી પેન્ટીંગ | ૪૫ દિવસ | વલસાડ | ૨૫ |
| ૭ | પીઠોરા પેન્ટીંગ | ૪૫ દિવસ | છોટાઉદેપુર | ૨૫ |

| | |
|---|---|
| **કામનું નામ** | **વિવિધ વ્યવસાયલક્ષી, સ્વરોજગારલક્ષી, કૌશલ્યવર્ધન તાલીમ આપવા માટે સ્વૈચ્છિક સંસ્થાઓ / એજન્સીઓનું સિલેક્શન** |
| ટેન્ડર ફોર્મ ફી | રૂ.૧૦૦૦/- નોન રીફંડેબલ |
| અરજી પત્રક ફી ની રકમ સ્વીકારનાર (ડિમાન્ડ ડ્રાફ્ટ દ્વારા) | આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ |
| ઈ.એ.ડી. | રૂ.૫૦૦૦/- નો ડિમાન્ડ ડ્રાફ્ટ (કોઈપણ નેશનલાઈઝ બેંકનો હોવો જોઈએ)<br>પેયબેલ ટુઃ નિયામકશ્રી, આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર, અમદાવાદ |
| અરજી પત્રક ડોક્યુમેન્ટ ડાઉનલોડીંગ શરૂ થવાની તારીખ/સમય | તારીખઃ ૭-૧૦-૨૦૧૭ |
| અરજી પત્રક ડોક્યુમેન્ટ ડાઉનલોડીંગ પૂર્ણ થવાની તારીખ/સમય | તારીખઃ ૭-૧૧-૨૦૧૭ |
| ટેકનીકલ બીડ સ્વીકારનાવાની છેલ્લી તારીખ (ફક્ત આર.પી.એ.ડી.થી જ સ્વીકારવામાં આવશે) | તારીખઃ ૨૦-૧૧-૨૦૧૭ |
| ટેકનીકલ બીડ આર.પી.એ.ડી. થી મોકલવાના રહેશે. | ટેકનીકલ બીડ મોકલવાનું સરનામુઃ<br>નિયામકશ્રી, આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર, ઈન્કમટેક્ષ,આશ્રમરોડ,ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ |
| ટેકનીકલ બીડ ઓપન કરવાની તારીખ | ૨૫-૧૧-૨૦૧૭ |

**તાલીમ દરખાસ્ત મોકલવાનું સ્થળઃ**

તાલીમ દરખાસ્ત મોકલવાની છેલ્લી તારીખઃ ૨૦-૧૧-૨૦૧૭

આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર, ગૂજરાત વિદ્યાપીઠ, **આશ્રમરોડ**

અમદાવાદ-380014

ફોન નઃ 079-27545165

ઇ મેલ : trti@gujaratvidyapith.org trtigvp@gmail.com

વેબસાઇટ : trti.gujarat.gov.in **અને** www.gujaratvidyapith.org**,** www.nprocure.com

▶ તાલીમની કામગીરી આપવી કે રદ કરવી તે તમામ સત્તા આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર, ગૂજરાત વિદ્યાપીઠની રહેશે. ટેન્ડરની પસંદગી માત્ર આપેલા ભાવ પર ન રહેતાં, કામની ગુણવત્તા તેમજ તાલીમ બાદ પણ અપાતી સેવાની ખાતરીને આધારે એજન્સી નક્કી કરવાની સત્તા માત્ર આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્રની જ રહેશે.

## ટેન્ડરની શરતોઃ

૧. કવર ઉપર વિવિધ પ્રકારની વ્યાવસાયિક તાલીમ આપનાર સંસ્થાની પસંદગી માટેનું અરજી પત્રક એમ લખવું

૨. અરજી પત્રક ભરનારે અરજી પત્રક ફીની રકમ તથા અર્નેસ્ટ મની ડિપોઝીટની રકમના અલગ અલગ ડિમાન્ડ ડ્રાફ્ટ રાષ્ટ્રીયકૃત બેંકના "નિયામકશ્રી, આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર, અમદાવાદ"ના નામના ફિઝીકલ ટેકનીકલ બીડના સિલબંધ કવરમાં અલગ અલગ રજૂ કરવાના રહેશે

૩. અરજી પત્રક ભરનાર એજન્સીએ ઓનલાઈન અરજી પત્રકમાં ભરેલ તમામ વિગતોના ટેકનીકલ બીડ ફિઝીકલ ડોક્યુમેન્ટની સ્વપ્રમાણિત કરેલ નકલો રજૂ કરવાની રહેશે તથા સિલ બંધ કવરમાં જાહેરાતમાં દર્શાવ્યા મુજબની નિયત તારીખ સુધીમાં ભરીને મળે તે રીતે આર.પી.એ.ડી.થી મોકલી આપવાના રહેશે.

૪. છેલ્લા ત્રણ વર્ષ દરમ્યાનનું વાર્ષિક ટર્ન ઓવર રૂ.૨૫.૦૦ લાખ આવશ્યક છે.

૫. સંસ્થા/એજન્સી તાલીમ અંગેનો લઘુત્તમ ૫ વર્ષનો અનુભવ ધરાવતી હોવી જોઇએ.

૬. રાજય કે જે તે જિલ્લામાં સંસ્થા કે એજન્સીનું ગ્રેડીંગ થયેલ હશે તેને પ્રાધાન્ય આપવામાં આવશે.

૭. આદિમજૂથ સમુદાયમાં તાલીમની કામગીરી કરેલ હશે તે સંસ્થા કે એજન્સીને પ્રાધાન્ય આપવામાં આવશે.

૮. સંસ્થાને સરકારી વિભાગ અથવા અન્ય સરકારી સંસ્થા / નાણાંકીય એજન્સી દ્વારા કાળી યાદીમાં મૂકવામાં આવેલ ન હોવી જોઈએ અને કોઈ પણ પ્રિન્ટ મિડિયા કે ટીવીસીમાં આવેલી ન હોવી જોઈએ.

૯. સંસ્થા/એજન્સીના બોર્ડ મેમ્બર કોઈ ફોજદારી ગુનામાં સંડોવાયેલા ન હોવા જોઈએ તથા ફોજદારી ગુનામાં સજા થયેલ ન હોવી જોઈએ

૧૦. આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર ધ્વારા સંસ્થા/એજન્સીની કામગીરીની ચકાસણી કર્યા બાદ જ તાલીમ માટેની કામગીરી આપવામાં આવશે.

૧૧. કચેરી દ્વારા ટેન્ડરની કોઈ પણ શરતો રદ કરવા અથવા સુધારા કરવા અંગેનો અધિકાર આદિવાસી સંસોધન અને તાલીમ કેન્દ્ર, ગૂજરાત વિદ્યાપીઠને રહેશે. જે સંબંધિતને બંધનકર્તા રહેશે.

૧૨. સંસ્થા દ્વારા આપેલ માહિતીમાં ખામી/ માહિતી ખોટી જણાશે તો તેવી સંસ્થાના અરજી પત્રક પર કોઈ પ્રકારની કાર્યવાહિ કરવામાં આવશે નહી અને તેની સામે નિયમોનુસારની કાયદેસરની કાર્યવાહિ કરવામાં આવશે.

૧૩. ઉકત નીતિ-નિયમો, શરતો અને અન્ય માપદંડોમાં આ કચેરી દ્વારા થતા સુધારા/વધારા સંસ્થા / એજન્સીને બંધનકર્તા રહેશે.

૧૪. અરજી પત્રક સ્વીકારવાની આખરી તારીખ પછી મળેલ કોઈપણ અરજી પત્રક સ્વીકારવામાં આવશે નહિ

૧૫. તાલીમાર્થીઓને પ્રતિ માસ પ્રતિ તાલીમાર્થી દિઠ રૂ.૧૦૦૦/- તાલીમના સમયગાળાને અનુરૂપ સ્ટાઈપેન્ડ Account Payee વડે ચૂકવવાનું રહેશે.

૧૬. તાલીમ આપનાર સંસ્થાએ તાલીમ માટે તાલીમાર્થી સારી રીતે તાલીમ લઈ શકે તેવી તમામ સુવિધા (વીજળી, પીવાનું ચોખ્ખું પાણી, શૌચાલય) ધરાવતા મકાનની વ્યવસ્થા કરવાની રહેશે.

૧૭. જે તે તાલીમમાં તાલીમના સમય અને કલાકોને અનુરૂપ ભોજન આપવાનું રહેશે.

૧૮. દરેક તાલીમ માટેનું સ્થળ તાલીમાર્થીઓને નજીક પડે તેમજ આદિવાસીની વસ્તી ધરાવતા વિસ્તારને ધ્યાનમાં રાખીને નક્કી કરવાનું રહેશે.

૧૯. ટેન્ડર ખોલવાની સંભવિત તારીખ દરેક સંસ્થા/ એજન્સીને ટેલીફોન અથવા મેલ કે રજી.એડીથી જણાવવામાં આવશે.

૨૦. દરેક તાલીમમાં તાલીમ પૂર્ણ થયા પછી સંસ્થા/ એજન્સી દ્વારા તાલીમાર્થીઓને પ્રમાણપત્ર આપવાનું રહેશે.

૨૧. કોઈ પણ પ્રકારનું શરતી ટેન્ડર સ્વીકારવામાં આવશે નહીં. આવું ટેન્ડર કોઈ પણ કારણ આપ્યા વગર ના-મંજૂર કરવામાં આવશે.

૨૨. તાલીમ અંગેની માહિતી ટેન્ડર ભરવાની છેલ્લી તારીખ, ટેન્ડરની શરતો વગેરે આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર અને ગૂજરાત વિદ્યાપીઠની વેબસાઇટ પરથી પણ મળી રહેશે.

૨૩. ટેન્ડર ભરવાની છેલ્લી તારીખ **૫-૧૧-૨૦૧૭** છે. **૨૦-૧૧-૨૦૧૭** સુધી અત્રેની કચેરીમાં આર.પી.એડી.થી ટેન્ડર મોકલી આપવાના રહેશે. સમયમર્યાદા બાદ મળેલ ટેન્ડર ધ્યાનમાં લેવામાં આવશે નહી. તેમ જ તેની તમામ જવાબદારી મોકલનારની રહેશે.

નિયામક

## ટેકનીકલ બીડ મૂલ્યાંકન ફોર્મ

| વિગત | સંસ્થાએ ભરવાની માહિતી |
|---|---|
| સંસ્થાનું નામ અને સ્થાપના વર્ષ ( સંસ્થાની પ્રોફાઈલ જોડવી) | |
| સંસ્થાનો કુલ અનુભવ | |
| આદિવાસી સમુદાયમાં કામગીરીનો અનુભવ | |
| આદિમજૂથ સમુદાયમાં કામગીરીનો અનુભવ | |
| તાલીમનો અનુભવ | |
| છેલ્લા વર્ષનું વાર્ષિક ટન ઓવર | |
| છેલ્લા ત્રણ વર્ષનો ઓડિટ રિપોર્ટ જોડેલ છે | |
| સંસ્થાની અન્ય કોઈ કામગીરી | |

નિયામક